# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર રિધ્ધિ ઉંધાડ વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત અને બ્રાઝિલ આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને 20 અબજ ડોલર સુધી વધારવા સંમત થયા.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નામિબિયાના રાષ્ટ્રપ્રમુખ સાથે આર્થિક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા મંત્રણા કરશે.

3) ભારતીય ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનલર અનિલ ચૌહાણે કહ્યું છે કે, ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશનું જોડાણ ભારત માટે ખતરો.

4) નાગાલેન્ડના મુખ્યમંત્રીએ ભારત અને જાપાન વચ્ચેના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોની પુષ્ટી કરી.

5) ટેનિસમાં આર્યના સબાલેન્કા વિમ્બલ્ડન 2025ના મહિલા સિંગલ્સ સેમિફાઈનલમાં પહોંચી.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MODI-LULA PRESS CONFERENCE (PAGE 1)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આગામી પાંચ વર્ષમાં બ્રાઝિલ સાથે દ્વિપક્ષીય વેપાર હાલના 12.2 અબજ ડોલરથી વધારીને 20 અબજ ડોલર કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. બંને દેશોએ વધુ ભારતીય ઉત્પાદનોનો સમાવેશ કરવા અને ભારતીય નિકાસકારો માટે મોટું બજાર પૂરું પાડવા માટે મર્કોસુર વેપાર કરારનો વ્યાપ વધારવા માટે પણ સંમતિ દર્શાવી છે.

(બાઈટ - PM MODI)

શ્રી મોદીએ ભારતની જેમ જ બ્રાઝિલમાં ડિજિટલ ચુકવણી માટે યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI) શરૂ કરવામાં સહયોગની જાહેરાત કરી. શ્રી મોદીને બ્રાઝિલના સર્વોચ્ચ નાગરિક સન્માન 'નેશનલ ઓર્ડર ઓફ ધ સધર્ન ક્રોસ'નો ગ્રાન્ડ કોલર એનાયત કરવામાં આવ્યો. બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લુલા દા સિલ્વાએ જણાવ્યું હતું કે વૈશ્વિક પ્લેટફોર્મ પર ભારત-બ્રાઝિલ સહયોગ વધારવા અને પરસ્પર સંબંધોને મજબૂત બનાવવામાં શ્રી મોદીના યોગદાનને ધ્યાનમાં રાખીને આ સન્માન આપવામાં આવ્યું છે.

ભારત અને બ્રાઝિલ વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટોના સમાપન પછી, વિદેશ મંત્રાલયના પૂર્વ સચિવ પેરિયાસામી કુમારને વાટાઘાટોના મુખ્ય મુદ્દાઓ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે ભારતના ઉદ્યોગપતિઓ અને પ્રવાસીઓ માટે વિઝા ઉદારીકરણ પર પણ વાટાઘાટો કરવામાં આવી. તેમણે કહ્યું કે બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખે ભારતીય ફાર્મા ઉત્પાદક કંપનીઓને બ્રાઝિલમાં બેઝ સ્થાપવા માટે આમંત્રણ આપવાના વિચારનું સ્વાગત કર્યું. દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન ત્રણ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

---

## PM-NAMIBIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાંચ દેશની તેમની મુલાકાતના અંતિમ તબક્કામાં, આજે નામિબિયાના રાષ્ટ્રપ્રમુખ નેતુમ્બો નંદી-નદૈતવાહના આમંત્રણ પર વિન્ડહોક પહોંચશે. શ્રી મોદીની આ દેશની પ્રથમ મુલાકાત છે. જ્યાં તેઓનું ઔપચારિક સ્વાગત કરવામાં આવશે, જે પછી બંને દેશો વચ્ચે આર્થિક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા માટે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો થશે.

ઉર્જા સુરક્ષા, આરોગ્ય અને ફાર્મા જેવા વિવિધ મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે બંને દેશો વચ્ચે અનેક સમજૂતી કરારોની આપ-લે થવાની અપેક્ષા છે. મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને નામિબિયાનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત કરવામાં આવશે. એક દિવસ પછી શ્રી મોદી નામિબિયાની સંસદમાં સંબોધન પણ કરવાના છે.

પ્રસ્તુત છે નામિબિયાથી અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ.

**(બાઈટ – અપર્ણા ખૂંટ)**

---

## CDS-PAK CHINA

ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે કહ્યું છે કે ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશનું જોડાણ ભારત માટે ખતરો છે. જનરલ ચૌહાણે ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશનના એક કાર્યક્રમમાં ઓપરેશન સિંદૂરની ચર્ચા કરતા કહ્યું કે પહેલીવાર બે પરમાણુ શક્તિઓ યુદ્ધમાં સામસામે આવી છે.

**ભારત પરમાણુ શસ્ત્રોના ખતરાથી ડરશે નહીં અને ઓપરેશન સિંદૂર બે પરમાણુ શક્તિઓ વચ્ચેના સંઘર્ષનું એકમાત્ર ઉદાહરણ છે., જનરલ ચૌહાણે કહ્યું કે હિંદ મહાસાગર ક્ષેત્રના દેશોમાં આર્થિક સંકટને કારણે બાહ્ય શક્તિઓને તેમના પ્રભાવનો ઉપયોગ કરવાની તક મળી છે જે ભારત માટે ખતરો ઉભો કરી શકે એમ છે**

---

## NAGALAND-JAPAN

નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફિયુ રિયોએ ભારત અને જાપાન વચ્ચેના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોની પુષ્ટી કરી સહિયારા લોકશાહી મૂલ્યો, શાંતિ અને સહયોગ પર ભાર મૂક્યો છે.

જાપાનમાં રાજ્ય સરકારના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહેલા શ્રી નેફિયુ રિયોએ ટોક્યોમાં બેઠકો દરમિયાન અનેક કરારો પર હસ્તાક્ષર કર્યા. જાપાનમાં નાગાલેન્ડ યુવાનો માટે રોજગારની તકો વધારવા માટે અને કૃષિ-ટેકનોલોજી ટ્રાન્સફર, નાગાલેન્ડમાં સ્થાનિક હિસ્સેદારો સાથે લાંબા ગાળાના સહયોગ અને જોડાણને સરળ બનાવવા માટે કરાર કરવામાં આવ્યા.

---

# LUCKNOW-CHIEF

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ગઈકાલે મેરઠમાં સરદાર વલ્લભભાઈ પટેલ કૃષિ વિશ્વવિદ્યાલય ખાતે કૃષિ ટેકનોલોજી ઇનોવેશન સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે કહ્યું કે સરકાર ખેડૂતોને ઉદ્યોગસાહસિક બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

તેમણે કહ્યું કે ખેડૂતોની આવક બમણી કરવા અને વાજબી ભાવ સુનિશ્ચિત કરવા માટે યાંત્રિક બુદ્ધિમત્તાનો ઉપયોગ કરવામાં ભારતીય ટેકનોલોજી સંસ્થા-રોપરની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે.

શ્રી પ્રધાને એવી પણ જાહેરાત કરી કે ખેડૂત-કેન્દ્રિત સંશોધન અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવા માટે યુનિવર્સિટીમાં એક કૌશલ્ય વિકાસ કેન્દ્ર સ્થાપિત કરવામાં આવશે.

---

# WIMBLEDON 2025

ટેનિસમાં, આર્યના સબાલેન્કા જર્મનીની ખેલાડીને હરાવી અને લંડનના ઓલ ઇંગ્લેન્ડ ક્લબમાં વિમ્બલ્ડન 2025 ના મહિલા

સિંગલ્સ સેમિફાઇનલમાં પહોંચી છે. ત્રણ કલાકમાં રમાયેલી ક્વાર્ટર ફાઇનલમાં 4-6, 6-2, 6-4 થી જીત મેળવી છે.

સબાલેન્કા હવે આવતીકાલે સેમિફાઇનલમાં અમેરિકન સ્ટાર અમાન્ડા અનીસિમોવા સામે ટકરાશે. અમેરિકન ખેલાડીએ રશિયાની ખેલાડીને હરાવીને પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું હતું.

---

## J&K- AMARNATH YATR

અમરનાથ યાત્રાના પહેલા છ દિવસમાં અમરનાથજી ગુફામાં અત્યાર સુધી એક લાખ ૧૧ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા છે. ગઈકાલે ૧૮ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા હતા.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી સિન્હાએ જણાવ્યું હતું કે પહેલગામ અને બાલતાલ બંને રૂટ પર યાત્રા સરળતાથી ચાલી રહી છે અને આગામી દિવસોમાં વધુ શ્રદ્ધાળુઓ આવવાની અપેક્ષા છે. આ દરમિયાન, કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ 7 હજાર 579 શ્રદ્ધાળુઓનો બીજો સમૂહ આજે વહેલી સવારે ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી કાશ્મીર ખીણથી રવાના થયો હતો.

---

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે ચૈતાલી જોષી

આજના અખબારોમાં મતદાર યાદીમાં કોઇ બિન ભારતીય નહિં રહે, ટ્રમ્પનો ટેરિફ ટેરર, ઉત્તર પ્રદેશમાં ધર્માંતરણના ઠેકાણા ધ્વસ્તના સમાચાર અખબારોની હેડલાઇન્સમાં છે.

1) વર્તમાન પત્ર અનુસાર સાંભળીએ તો નવ ગુજરાત સમયે લખ્યું છે કે 14 દેશ માટે ટ્રમ્પના નવા ટેરિફઃ ઓગસ્ટથી અમલ

2) ધમકી નહીં ધન કી બાત, અમેરિકા સાથે ટ્રેડ ડિલ આ હેડલાઇન ફૂલછાબની છે

3) સંદેશે લખ્યું છે કે ભારત સહિતના બ્રિક્સ દેશોએ વધુ દસ ટકા ટેરિફ ચૂંકવવો જ પડશે તેવા ટ્રમ્પના નિવેદન સાથે મુખ્ય સમાચાર બનાવ્યાં છે

4) ગુજરાત સમાચારની હેડલાઇન છે ટ્રમ્પનો ફાર્મા કંપનીઓ ઉપર 200 ટકા ટેરિફ ભારતની ફાર્મા કંપનીઓ માંદી પડશે

5) જ્યારે હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાએ લખ્યું છે કે ધર્માંતંરણ રેકેટ કા અડ્ડા ધ્વસ્ત છાંગુર કે સામ્રાજ્ય પર બુલડોઝર

6) જ્યારે અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે ટ્રમ્પના ટેરિફના સમાચારની હેડલાઇન બનાવી છે

7) રાજ્ય અને સ્થાનિક સમાચારમાં સુરતમાં લૂંટ વિથ મર્ડર, પ્લેન ક્રેશની દુર્ઘટનનાના નશ્વર અવશેષોની અંતિમ વિધિના સમાચાર પણ તમામ અખબારોના છેલ્લા પેજ પર વાંચવા મળી રહ્યાં છે.